Navgujarat Samay

EDI

April 9, 2016
Ahmedabad City
Page No. 2

## ભણતર થયું મોંઘું: અમદાવાદની પ્રીમિયર શિક્ષણ સંસ્થાઓમાં ફી વધારા સાથે સ્કોલરશીપ પણ વધી

# આઈઆઈએમમાં ફી વધી, સેપ્ટમાં પણ વિચારણા

» માઈકામાં ટ્યૂશન ફી ન વધી પરંતુ હોસ્ટેલ ફીમાં 3 ટકાનો વધારો થઈ શકે છે

**અસ્મિતા દવે** > અમદાવાદ
asmita.dave@timesgroup.com

દેશની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીદ્વારાતાજેતરમાંફીમાંબમણો વધારો કરાયો છે. આઈઆઈટીની સાથે અમદાવાદમાં આવેલી પ્રીમિયર શિક્ષણ સંસ્થાઓમાં પણ ફી વધારાની મોસમ જામી છે. શહેરની આઈઆઈએમ, અને ઈડીઆઈમાં ફી વધારો કરવામાં આવ્યો છે. સેપ્ટમાં પણ ફી વધારાની દરખાસ્ત વિચારણા હેઠળ છે. માઈકા તેની ટ્યૂશન ફી નહીં પરંતુ હોસ્ટેલ ફી વધારી રહી છે.

**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ- IIM-A**

આઈઆઈએમ-એના બે વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (પીજીપી) કોર્સની ફીમાં ₹એક લાખનો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ 2016-2018ની બેચ માટેની ફી ₹ 18.50 લાખથી વધીને ₹19.50લાખ કરી દેવામાં આવી છે. આ અંગે આઈઆઈએમના ડિરેક્ટર પ્રોફેસર આશિષ નંદાએ જણાવ્યું હતું કે, "એક સંસ્થા તરીકે અમારી જવાબદારી છે કે, અમારા પીજીપી અને એફએબીએમના કોર્સીસમાં પ્રવેશ મેળવવા સક્ષમ ઉમેદવારોને પ્રવેશ લેવામાં તેમની આર્થિક સ્થિતિ અવરોધરૂપ ના બને. તેથી આ સક્ષમ ઉમેદવારોને અમે




યોગ્ય સ્કોલરશીપ સ્કીમ મળી શકે તેવા પ્રયત્નો કરીએ છીએ. વર્ષ 2016-17 માટે પીજીપી અને એફએબીએમના 251 વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. મતલબ કે કુલ વિદ્યાર્થીઓના આશરે 29 ટકા વિદ્યાર્થીઓને આ સહાય મળી છે.

**આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા - EDI**

ઈડીઆઈ દ્વારા કરવામાં આવેલા વધારા અંગે સિનિયર એસોસિએટ ફેકલ્ટી ડૉ. સત્ય આચાર્યએ કહ્યું કે, 'બિઝનેસ આન્ત્રપ્રિન્યોરશિપ મેનેજમેન્ટના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમામાં વર્ષ 2015-2017ની ફી ₹ 7,37,400 હતી. જે હવે વધારીને 2016-18 માટે ₹ 7,59,000 કરી દેવાઈ છે. જો કે, વિદ્યાર્થીઓ માટે વધુ વિકલ્પો ખોલવા માટે આર્કિટેક્ટ એન્ડ પ્લાન જેવા નવા કોર્ષ પણ શરૂ કરવામાં આવ્યા છે.

**મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન અમદાવાદ - માઈકા**

માઈકામાં ફી વધારો થવાનો છે પરંતુ આ વધારો હોસ્ટેલ ફીમાં થશે. જેમાં કોન્વોકેશન વખતે યોજાયેલી કોન્ફરન્સમાં ઈન્સ્ટિટ્યૂટના ડીન ડૉ. પ્રિતી શ્રોફે જણાવ્યું હતું કે, 'હમણાં ટ્યૂશન ફી વધારવાનું કોઈ આયોજન નથી પરંતુ હોસ્ટેલ ફીમાં ત્રણ ટકાનો વધારો થઈ શકે છે.'

**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર-IIT**

આઈઆઈટી ગાંધીનગરમાં અન્ડર ગ્રેજ્યુએટ કોર્ષની ફી 90 હજાર સુધીની હતી, જે હવે લગભગ બમણી કરીને બે લાખ સુધીની કરી દેવામાં આવી છે.

**સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી - સેપ્ટ**

ફેબ્રુઆરી મહિનામાં યોજાયેલા કોન્વોકેશનમાં જ સેપ્ટ યુનિવર્સિટીના ડિરેક્ટર બીમલ પટેલે જણાવ્યું હતું



કે, સેપ્ટ યુનિવર્સિટી ગુજરાત સરકાર પાસેથી ફંડ લેવાનું બંધ કરીને સેલ્ફ ફાયનાન્સ્ડ યુનિવર્સિટી બની રહી છે. સેલ્ફ ફાયનાન્સ મોડલ અપનાવાતાં તેને સરકાર તરફથી મળતી 12 ટકા ગ્રાન્ટ બંધ થાય તેમ છે. આ સંજોગોમાં સેપ્ટમાં ફી વધે તેવી સંભાવના છે. પરંતુ આ અંગે વાત કરતાં રજિસ્ટ્રાર અનિતા હિરાનંદાનીએ જણાવ્યું હતું કે, 'બોર્ડ દ્વારા હજુ ફીનાં માળખાં વિશે ચર્ચા થઈ નથી. દર વખત કરતાં આ વખતે વધારે રકમ વધારવી કે કેમ તેનો નિર્ણય બોર્ડમાં લેવાશે." અત્રે ઉલ્લેખનીય છે કે સેપ્ટમાં પણ તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય અપાય છે. વર્ષ 2014-15માં આ આર્થિક સહાયનું બજેટ ₹ 85 લાખ હતું તે હવે વધારીને 2.2 કરોડ કરાયું છે. તે વખતે 520 વિદ્યાર્થીને સહાયનો લાભ મળ્યો હતો પરંતુ હવે બજેટ વધતાં 730 વિદ્યાર્થીને સહાયનો લાભ મળી શકે છે. વધુમાં એક ખાસ પ્રેસિડેન્ટ સ્કોલરશીપ સ્કીમ શરૂ કરવામાં આવી છે જેના 15 તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્યૂશ 50 ટકાની માફી અપાય છે.